सत्यमेव जयते

દાખલ તારીખ	૨૧.૦૮.૨૦૨૩		
રજિસ્ટરે લીધા તારીખ	૨૧.૦૮.૨૦૨૩		
ફેંસલ તારીખ	૧૩.૦૭.૨૦૨૬		
સમયગાળો	વર્ષ	માસ	દિવસ
	૦૨	૧૦	૨૩

મે. ગાંધીનગરના એડી. સીવીલ જજ તથા જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટ સમક્ષ

ક્રિમિનલ કેસ નં. ૭૦૯૮/૨૦૨૩

આંક- ૪૨

ફરીયાદી:- **પ્રજાપતી નરેશકુમાર ખોડાભાઇ,**
ઉ.વ. ૪૨, ધર્મે-હિન્દુ, ધંધો-મેન પાવર સપ્લાય/કેટરિંગ,
રહે. ફ્લેટ નં. એ-૭૦૨, મેઘમલ્હાર એપાર્ટમેન્ટ,
સરગાસણ, તા.જી. ગાંધીનગર.

-: વિરૂધ્ધ :-

આરોપી:- **પ્રજાપતિ મહેશભાઇ મંગળદાસ,**
રહે. ડી-૬૦૧ સાયોના શીખર,
વંદેમાતરમ ચાર રસ્તા, ન્યુ એસ.જી. રોડ,
ગોતા, અમદાવાદ.
મૂળ રહે. પ્રજાપતિવાસ(બગીચાવાળો વાસ)
મુ. કટોસણ(ધનપુરા) તા.જી. મહેસાણા.

ગુન્હો:	**ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબનો...**

ફરિયાદી તરફે વિ. વકિલશ્રી : એચ.સી.રાણા
આરોપી તરફે વિ. વકિલશ્રી : એ.આર.ઠાકોર

-: ચુકાદો :-

(૧) આ કામે આરોપી વિરૂધ્ધ " ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનો આરોપ છે. આ કામના ફરિયાદીએ અત્રેની અદાલતમાં આરોપી વિરૂધ્ધ " ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ અન્વયે રજુ કરેલી ફરિયાદીની ટુંકમાં હકિકત એવી છે કે, ફરીયાદી મેન પાવર સપ્લાય તથા કેટરીંગ સર્વિસનો ધંધો કરે છે. સમૂહ લગ્નની મીટીંગ દરમ્યાન ફરીયાદી આરોપીના પરીચયમાં આવેલા. ત્યારબાદ સમૂહ લગ્ન સંપન્ન થયા બાદ આરોપીએ ફરીયાદી સાથે બે-ચાર વાર મોબાઈલ ઉપર ફોન કરીને ખબર અંતર પૂછેલા તથા ફરીયાદીને કહેલ કે તમારી ઓફીસ કઈ જગ્યાએ છે જેથી ફરીયાદીએ કહેલ કે મારી ઓફીસ સેકટર-૨૫ જી.આઈ.ડી.સી ગાંધીનગર ખાતે છે. જેથી આ કામના આરોપી ફરીયાદીના ગોડાઉન સેકટર-૨૫ જી.આઈ.ડી.સી ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત માટે આવેલા અને ફરીયાદીને કહેલ કે હું અડાલજ મુકામે રહુ છું અને જમીનનો મોટાપાયે વેપાર કરૂ છું અને મારે એક પાર્ટી પાસેથી રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- (પચ્ચીસ લાખ) ની ઉઘરાણી હતી એટલે આ બાજુ આવ્યો હતો અને મને એમ થયુ કે હુ તમને મળતો જાવ, એમ કહેલુ જેથી ફરીયાદીએ સમાજના માણસ હોવાથી તથા પોતાના ગોડાઉન પર આવ્યા હોવાથી ચા-પાણી કરાવીને આ કામના આરોપીને રવાના કરેલા. આમ થોડા દિવસ પછી તા. ૦૩ મે ૨૦૨૩ ના રોજ ફરીયાદીના ગોડાઉન પર આ કામના આરોપી આવેલા અને ફરીયાદીને કહેલ કે મારે એક જમીનનો મોટો સોદો થયો છે અને મારી પાસે વીસ લાખ રોકડા છે અને મારે અગીયાર લાખની ખૂબ જ જરૂર છે જો તમે મને હાથ ઉછીના રૂપિયા અગીયાર લાખ આપશો તો મને આ સોદામાંથી ફાયદો થશે અને હુ તમારા પૈસા માત્ર એક અઠવાડીયામાં પાછા આપી દઈશ એવી રીતે

ખૂબ જ આજીજી કરવાથી ફરીયાદીએ આરોપીને રૂ. ૧૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા અગીયાર લાખ રૂપિયા પુરા) આપેલા જેમાં ૧ લાખ આ કામના આરોપીના કહેવાથી બેંક દવારા ટ્રાન્સફર કરેલા (જેમાં તા. ૩ મે ૨૦૨૩ ના રોજ ફરીયાદીએ તેઓની બેંક HDFC બેંક ના ખાતા નં ૧૦૦૭૬૦૦૭૦૫૦ થી આ કામના આરોપીના ખાતામાં રકમ રૂ. ૨૫,૦૦૦/- તથા ફરીવાર તે જ ખાતાથી રૂપિયા ૨૫,૦૦૦/- તેઓના ઓફીસ સ્ટાફના ઈસમ રવિભાઈએ આરોપીના પત્નિ ભાવનાબેનના ખાતામાં ૨૦,૦૦૦/- તથા તેઓની ઓફીસના ઈસમ આશીકભાઈએ આ આરોપી પત્નિ ભાવના બેનના ખાતમાં ૩૦,૦૦૦/- આરોપીના કહેવાથી ટ્રાન્સફર કરેલ છે. (જે પૈસા ફરીયાદીએ તેઓના સ્ટાફને ચૂકતે કરી દીધેલ છે.) તથા ૧૦ લાખ રૂપિયા રોકડા આ કામના આરોપીને આપેલા અને આરોપી પૈસા લઈને ત્યાંથી ચાલ્યા ગયેલા અને ૧૦ દિવસ પછી આ કામના આરોપીનો ફોન આવેલો કે સોદો થઈ ગયો છે હું કાલ તમારી લ્હેણી રકમ લઈને આવુ છું એમ કહીને આરોપી આવ્યા નહી. આમ પૈસા આપ્યાના આશરે ૧૫ દિવસ ઉપર જેટલો સમય થયેલ હોવા છતાં આ કામના આરોપીએ ફરીયાદીની લ્હેણી રકમ રૂપિયા ૧૧ લાખ તેઓને પરત આપેલી નહી તથા આ કામના આરોપીએ સામેથી ફોન કરીને ફરીયાદીને કહેલ કે પૈસા હું એક બે દિવસમાં આપી જાવ છું. આમ આરોપી બે-પાંચ દિવસ થાય એટલે ફરીયાદીને ફોન કરીને કહે કે હું પૈસા બે-પાંચ દિવસમાં આપી દઈશ. પરંતુ આજદિન સુધીમાં ફરીયાદીની લ્હેણી રકમ આપેલી નથી.

(૨) વધુમાં ફરીયાદી જણાવે છે કે, આ કામના આરોપી તા. ૨૫/૦૬/૨૦૨૩ ના રોજ ફરીયાદીના ગોડાઉન સેકટર-૨૫, જી.આ.ડી.સી., ગાંધીનગર ખાતે આવેલા અને કહેલ કે તમને તમારી લ્હેણી રકમનો ચેક આપવા આવ્યો છું. આ ચેક તમો બેન્કમાં ભરશો એટલે તુરત તમને નાણાં મળી જશે, તેમ કહીને આ કામના આરોપીએ એક ચેકબુક કાઢીને તેમાં વિગતો ભરીને ચેક નં. ૦૯૯૦૯૫ નો તા.૨૬/૦૬/૨૦૨૩ ના રોજનો આરોપીએ પોતાની બેંક કેનેરા બેંક અમદાવાદ ગોતા શાખાનો આપેલો.

જેથી ફરીયાદીએ આ કામના આરોપી ઉપર વિશ્વાસ તથા ભરોસો રાખીને ચેક સ્વીકારેલો. સદર ચેક નં ૦૯૯૦૯૫ નો ફરીયાદીએ તા. ૨૬/૦૬/૨૦૨૩ ના રોજ તેમની એચ.ડી.એફ.સી બેંક ના ખાતા નં. ૫૦૧૦૦૦૪૨૬૨૭૮૩૧ જમા કરાવતા સદર બેંકે સદર ચેક કલીયરન્સ માટે મોકલતાં સદર ચેક તા. ૨૭/૦૬/૨૦૨૩ ના રોજ "**FUNDS INSUFFICIENT"** ના શેરા સાથે પરત ફરેલો. ત્યારબાદ આ કામના આરોપીએ કહેલ કે હું એકાદ બે દિવસમાં બેંકમાં પૈસા જમા કરાવું છું. જેથી તમો એકાદ બે દિવસ પછી ચેક બેંકમાં ફરીવાર ભરસો એટલે તુરત જ નાણાં મળી જશે. જેથી ફરીયાદીએ તા.૩૦/૦૬/૨૦૨૩ ના રોજ તેમના ખાતા નં. ૫૦૧૦૦૦૪૨૬૨૭૮૩૧ માં ફરીવાર ચેક જમા કરાવતાં સદર બેંકે સદર ચેક ફરીવાર કલીયરન્સ માટે મોકલતાં તા.૦૩/૦૭/૨૦૨૩ ના રોજ "**FUNDS INSUFFICIENT"** ના શેરા સાથે ફરીવાર ચેક પરત ફરેલો, જેની જાણ ફરીયાદીને તા. ૦૩/૦૭/૨૦૨૩ ના રોજ થયેલ. આમ, આ કામના આરોપીએ આપેલ ચેક વણ સ્વીકારાયેલ હોય ચેકની રકમના નાણાં ભરપાઈ કરવાની જવાબદારી આ કામના આરોપીના શીરે બને છે. જેથી ફરીયાદીએ તા.૧૩/૦૭/૨૦૨૩ ના રોજ આ કામના આરોપીને હાલના રહેણાંકના સરનામે સ્પીડ પોસ્ટ મારફતે વકીલશ્રી દ્વારા નોટીસ મોકલાવેલ. જે નોટીસ આરોપીને તા. ૧૪/૦૭/૨૦૨૩ ના રોજ બજી ગયેલ છે. તથા તેમના મૂળ સરનામે પણ નોટીસ તા.૧૩/૦૭/૨૦૨૩ મોકલતાં તે નોટીસ પણ તા. ૧૫/૦૭/૨૦૨૩ ના રોજ બજી ગયેલ હોવા છતાં આરોપીએ ફરીયાદીની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી અને આરોપીએ આજદીન સુધી ચેકનાં નાણાં ચુકવી આપેલ નથી. જેથી ફરીયાદી દ્વારા આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબની હાલની આ ફરીયાદ દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

(૩) આરોપી વિરૂધ્ધ ઉપર જણાવ્યા મુજબની ફરીયાદ અંગે ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૪ મુજબ પ્રોસેસ ઈશ્યુ કરવામાં આવતા આરોપી તેઓના

વિ.વ.શ્રી સાથે અત્રેની કોર્ટમાં હાજર થયેલ અને તેઓને ક્રિ.પ્રો. કોડની કલમ-૨૦૭ મુજબ ફરીયાદ તથા દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ હોવાની ખાત્રી કરવામાં આવેલ અને સદર કામ સમાધાન પાત્ર હોય બંને પક્ષકારને સમાધાન માટે પુરતી તકો આપ્યા છતાં સમાધાન ન થતા, સદર કેસની ન્યાયીક રીતે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ અને ફરીયાદની હકિકત આરોપીને વાંચી સંભળાવતા આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરતા તે સબબ તેઓનુ નિવેદન/પ્લી આંક : ૧૪ થી નોંધી લઈ ફરીયાદપક્ષનો કેસ સમન્સ ટ્રાયેબલ કેસ તરીકે આગળ ચલાવવામાં આવેલ.

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપી કે તેમના વિ.વ.શ્રી તેઓના વધારાના નિવેદન માટે હાજર ન રહેતા, ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપીનું વધારાનું નિવેદન રેકર્ડ કરવાનો હક્ક બંધ કરવાનો હુકમ થયેલ છે.

(૫) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

-: મૌખિક પુરાવા :-

અ.નં.	પુરાવાઓનું વર્ણન	આંક
૧	ફરીયાદી પ્રજાપતિ નરેશકુમાર ખોડાભાઈની સરતપાસની જુબાની સ્વરૂપનું સોગંદનામુ	૦૪
૨	ફરીયાદી તરફે લેખિત દલીલો	૪૦

-: દસ્તાવેજી પુરાવા :-

અ.નં.	પુરાવાઓનું વર્ણન	આંક
૧	આરોપીએ ફરીયાદીને આપેલ રૂ. ૧૧,૦૦,૦૦૦ નો ચેક નં. ૦૯૯૦૯૫ વાળો ચેક અસલ	૨૫
૨	ફરીયાદીએ ચેક બેંકમાં જમા કરાવેલ તે બેંકની પાવતીની અસલ	૨૬
૩	ચેક પરત ફરેલ તે ચેક રીટર્ન મેમો અસલ	૨૭

૪	ફરીયાદીએ ચેક બેંકમાં ફરીવાર જમા કરાવેલ તે બેંકની પાવતી અસલ	૨૮
૫	આરોપીએ આપેલ ચેક બીજીવાર વગર સીકરાયે પરત ફરેલ તે ચેક રીટર્ન મેમો અસલ	૨૯
૬	ફરીયાદીએ આરોપીને મોકલેલ નોટીસની ઓફીસપ્રત	૩૦
૭	આરોપીને નોટીસ સ્પીડ પોસ્ટથી હાલના સરનામે મોકલાવેલ તેની મની રસીદ અસલ	૩૧
૮	આરોપીને નોટીસ સ્પીડ પોસ્ટથી મૂળ સરનામે મોકલાવેલ તેની મની રસીદ અસલ	૩૨
૯	આરોપીને હાલના સરનામે નોટીસ બજવણી થયાના પોસ્ટ સ્ટેટસની નકલ	૩૩
૧૦	આરોપીને મૂળ સરનામે નોટીસ બજવણી થયાના પોસ્ટ સ્ટેટસની નકલ	૩૪

(૬) ત્યારબાદ આ કામે મૂળ ફરિયાદી તરફે આંક–૩૯ ની પુરશીસ આપી વિશેષ કોઇ પુરાવો રજૂ કરવા માંગતા ન હોય, પુરાવો પુરો થયાનું પુરશીસથી જાહેર કરેલ છે.

(૭) આ કામે ફરિયાદપક્ષ તરફે આંક–૪ સરતપાસની જુબાની સ્વરૂપનું સોગંદનામું રજૂ થયેલ છે તથા આંક–૪૦ થી ફરીયાદીની લેખિત દલીલો રજૂ થયેલ છે, ફરિયાદીનું સરતપાસ સ્વરૂપનું સોગંદનામું તથા લેખિત દલીલો મૂળ ફરિયાદની હકીકતોને અનુરૂપ અને સમાન પ્રકારનું હોઈ, પુનરાવર્તન ટાળવા માટે તેની વિગત અહીં પુનઃ દર્શાવવામાં આવેલ નથી.

(૮) આ કામે આરોપી કે તેમના વિ.વ.શ્રી લેખિત દલીલો કરવા માટે હાજર રહેલ ન હોય, આરોપીનો લેખિત દલીલો કરવાનો હક્કબંધ કરવાનો હુકમ થયેલ છે.

(૯) ફરિયાદપક્ષ તરફે તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના નામ. ઉચ્ચ અદાલતના તેમજ વડી અદાલતના ચુકાદાઓ પ્રત્યે ધ્યાન દોરેલ છે

1. Supreme Court of India (From Gujarat) (D.B.) Ajitsinh Chehuji Rathod V/S State of Gujarat.

2. High Court of Gujarat, Bipinchandra Ambalal Pandya V/S State of Gujarat.

(૧૦) **ન્યાયિક નિર્ણય માટેના મુદ્દા:-** આ કામમાં ફરિયાદપક્ષનો લેખિત તથા મૌખિક પુરાવા સાથે હાલના કેસની હકીકતો અને સંજોગો ધ્યાનમાં લેતાં, આ કેસના આખરી નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

-: <u>મુદ્દાઓ</u> :-

(૧) શું ફરિયાદપક્ષ એવુ સાબિત કરે છે કે, ફરીયાદીએ આપેલા રૂ. ૧૧,૦૦,૦૦૦/- ચુકવવા માટે આ કામના આરોપીએ ચેક નં. ૦૯૯૦૯૫ નો તા. ૨૬/૦૬/૨૦૨૩ ના રોજનો આરોપીએ પોતાની બેંક કેનેરા બેંક અમદાવાદ ગોતા શાખાનો આપેલો. સદર ચેક નં ૦૯૯૦૯૫ નો ફરીયાદીએ તા. ૨૬/૦૬/૨૦૨૩ ના રોજ તેમની એચ.ડી.એફ.સી બેંક ના ખાતા નં. ૫૦૧૦૦૦૪૨૬૨૭૮૩૧ જમા કરાવતા સદર બેંકે સદર ચેક કલીયરન્સ માટે મોકલતાં સદર ચેક તા.૨૭/૦૬/૨૦૨૩ ના રોજ "**FUNDS INSUFFICIENT**" ના શેરા સાથે પરત ફરેલો. ત્યારબાદ આ કામના આરોપીએ કહેલ કે હું એકાદ બે દિવસમાં બેંકમાં પૈસા જમા કરાવું છું. જેથી આરોપીએ જણાવેલ કે એકાદ બે દિવસ પછી ચેક બેંકમાં ફરીવાર ભરસો એટલે તુરત જ નાણાં મળી જશે. જેથી ફરીયાદીએ તા.૩૦/૦૬/૨૦૨૩ ના રોજ

તેમના ખાતા નં. ૫૦૧૦૦૦૪૨૬૨૭૮૩૧ માં ફરીવાર ચેક જમા કરાવતાં સદર બેંકે સદર ચેક ફરીવાર કલીયરન્સ માટે મોકલતાં તા.૦૩/૦૭/૨૦૨૩ ના રોજ "**FUNDS INSUFFICIENT**"શેરા સાથે ફરીવાર ચેક પરત ફરેલો જેથી, આરોપીએ તે રીતે “ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ –૧૩૮ અન્વયેનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૧૧) ઉપરોકત મુદ્દાઓના ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ

(૧૨) ઉપરોકત મુદ્દાઓના ન્યાયિક નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

–:: કારણો ::–

આ કામમાં પુરાવાની ચર્ચા કરતા પહેલાં આ કાયદાના પ્રકરણ –૧૭માં આપેલ કલમ–૧૩૮ ની જોગવાઈ રજૂ કરવી ન્યાયોચિત જણાય છે જે નીચે મુજબ છે.

કલમ–૧૩૮

બેંક ખાતામાં અપુરતા ભંડોળો, વિગેરેના કારણે વગર વસુલાતે પરત આવેલ ચેકો બાબત...

સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે બેન્કર પાસેના પોતાના ખાતામાંથી બીજી વ્યકિતને નાંણાની રકમ ચુકવવા માટે તે ખાતામાંથી કોઈ વ્યકિતએ લખેલ કોઈ ચેક તે ખાતામાં જમા નાણા રકમ, ચેક સીકરાવવા માટે અપુરતા ભંડોળ હોવાના અથવા તે બેન્ક સાથે કરેલી કબુલાત ધ્વારા તે ખાતામાંથી ભરવાની ગોઠવણી કરેલ રકમ કરતા વધુ

રકમનો ચેક હોવાને કારણે ભરપાઈ થયા વિના બેન્ક પરત કરે, ત્યારે તેવી વ્યક્તિએ ગુનો કર્યો હોવાનું ગણાશે અને તેને આ અધિનિયમની બીજી કોઈપણ જોગવાઈઓને બાધ આવ્યા સિવાય બે વર્ષ સુધીની કેદની અથવા ચેકની રકમ કરતા બમણી રકમનો દંડ અથવા તે બંને શીક્ષા કરવામાં આવશે, તેવી સ્પષ્ટ જોગવાઈ છે.

પરંતુ આ કલમ લાગુ પડશે નહી સિવાય કે,

(અ) જે તારીખે ચેક લખ્યો તે તારીખથી છ મહીનાની મુદતની અથવા તો તેની કાયદેસરની મુદત એ બેમાંથી જે વહેલુ હોય તેટલી મુદતની અંદર બેન્કમાં ચેક રજૂ કરવામા આવ્યો હોય..

(બ) પ્રસંગ પ્રમાણે ચેક લેનાર અથવા તેના ધારક ભરપાઈ થયા વિના પરત આવવા સંબંધી બેન્ક પાસેથી તેને માહીતી મેળવ્યાના ત્રીસ દિવસની અંદર ચેક લખનારને લેખિતમા નોટીસ આપીને નાણાંની સદરહું રકમની ચુકવણી કરવા માટે માંગણી કરે નહી અને..

(ક) એવા ચેકના લખનારે ચેક લેનાર અથવા તેના ધારકને સદરહું નાણાંની રકમની ચુકવણી સદરહુ નોટિશ મળ્યાના પંદર દિવસની અંદર ન કરી હોય

<u>**સ્પષ્ટીકરણ:-**</u>

આ કલમના હેતુઓ માટે દેવા અથવા બીજી જવાબદારી એટલે કાયદેસર રીતે વસુલ કરી શકાય તેવા દેવા અથવા બીજી જવાબદારી.

(૧૩) આ કાયદાની કલમ-૧૩૮ની જોગવાઈઓ મુજબ નીચે મુજબની હકીકત ફરિયાદી પક્ષે પુરવાર કરવી જરૂરી છે.

૧. ચેક લખનાર એટલે કે આરોપી તેમનું ખાતુ બેન્કમાં ધરાવતા હતા અને તે બેન્ક ખાતામાંથી ચેક આરોપીએ ફરિયાદીને લખી આપેલ છે.

૨. આ ચેક આરોપીએ તેની પોતાની જવાબદારી કે દેવુ અદા કરવા માટે આપેલ છે.

૩. ફરિયાદી આ ચેક તારીખથી ૩ માસના સમયમાં બેન્કમા રજૂ કરેલ છે.

૪. આ ચેકો અપુરતા ભંડોળના કારણે વગર વસુલાતે પરત આવેલ છે.

૫. આ ચેકો ભરપાઈ થયા વિના પરત આવેલ તેની જાણ થયાના દિન–૩૦ માં, આ કાયદાની કલમ:૧૩૮(બી) મુજબ લેખિતમાં આરોપીને નોટિશ આપીને આ પરત આવેલા ચેકોની રકમની માંગણી કરી હોવી જોઈએ.

૬. આ માંગણા નોટિશ આરોપીને મળ્યા બાદ આરોપીએ દિન–૧૫ માં તેના નાણાં ફરિયાદીને ચુકવી આપ્યા નથી.

૭. ઉપર મુજબના દિન–૧૫માં આરોપી ફરીયાદીને નાણાં ચુકવી આપેલ ન હોવાથી. ત્યારબાદ ફરીયાદીને આ ફરીયાદ દાખલ કરવાનું કારણ આ કાયદાની કલમ– ૧૩૮(ક) મુજબ ઉભુ થયુ તેના એક માસની અંદર આ ફરિયાદ દાખલ કરેલી છે.

આ કાયદા મુજબ કસુરવાર ઠરાવવા માટે ફરિયાદીએ ઉપરોકત હકીકતો સાબીત કરવી પડે છે એટલે કે, ભારતીય પુરાવા ધારાની કલમ:૧૦૧ ની જોગવાઈઓ મુજબ ઉપરોકત મુદ્દાઓ સાબીત કરવાનો સાબીતીનો બોજો ફરિયાદી ઉપર છે.

ભારતીય પુરાવા ધારાની કલમ: ૩ કે જે અર્થઘટન અંગેના પ્રબંધની છે, જેમાં સાબીત એક હકીકત સાબીત થઈ કહેવાય જ્યારે તેની સમક્ષ પડેલી બાબતો વિચારતા અદાલત તેનું અસ્તીત્વ છે તેમ માને અથવા તેનું અસ્તીત્વ એટલી હદે સંભવીત માને કે એક સમજદાર વ્યક્તિ જે તે કેસના સંજોગો હેઠળ એવી ધારણાથી વર્તે કે તેનું અસ્તીત્વ છે.

(૧૪) નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૩૯ ધારક ની તરફેણમાં અનુમાન અંગેની છે જેમા "વિરુધ્ધનું સાબીત થાય તે સિવાય એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ:૧૩૮ માં ઉલ્લલેખિત પ્રકારનો ચેક મળ્યો છે.”

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ:૧૧૮ મા વટાઉખત વિશે માની લેવાની બાબત વિશે જોગવાઈ કરવામાં આવે છે જેમા એથી વિરુધ્ધનુ સાબીત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણેની હકિકત માની લેવામાં આવશે.

(એ) અવેજ વિશે:– દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું હતુ અને એવું દરેક ખત જ્યારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યુ હોય, અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યું હતું તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું, અથવા તબદીલ કર્યું હતું.

(બી) તારીખ વિશે:– જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યું હતું.

(સી) સ્વીકારવાના સમય વિશે:– સ્વીકારેલું દરેક વિનીમયપત્ર તેની તારીખ પછી અને પાક્યાની તારીખ પહેલા વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ડી) તબદીલીના સમય વિશે:– કોઈ વટાવ ખતની દરેક તબદીલી તે ખત પકડવાની તારીખ પહેલાં થઈ હતી.

(ઈ) શેરાઓના ક્રમ વિશે:– કોઈ વટાવ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(એફ) સ્ટેમ્પ વિશે:–ખોવાઈ ગયેલી પ્રોમેસરી નોટ, વીનીમયપત્ર અથવા ચેક ઉપર રીતસરનો સ્ટેમ્પ લગાડેલો હતો.

(જી) ધારક યથા ક્રમે ધારક છે એમ માની લેવા વિશે.:– કોઈ વટાઉ ખતનો ધારક યથાક્રમ ધારક છે, પરન્તુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા તો કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખરી કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથા ક્રમે ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

<u>**મુદ્દા નં.૧ :**</u>

(૧૫) **પુરાવાનું મુલ્યાકન:-** આ કામના ફરિયાદીએ અત્રેની અદાલતમાં આરોપી વિરૂધ્ધ "ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮" અન્વયે રજુ કરેલી ફરિયાદીની ફરીયાદ હકિકત જોતા ફરિયાદી દ્વારા રજૂ કરવામાં આવેલ આંક-૨૫ થી ૩૭ સુધીના દસ્તાવેજી પુરાવાઓ તથા આંક-૪ ના સરતપાસ સ્વરૂપના સોગંદનામા દ્વારા ફરિયાદીએ પોતાની જુબાની આપેલ છે. ફરિયાદીએ પોતાની જુબાની દરમિયાન રજૂ કરેલ દસ્તાવેજોને આધારરૂપ ગણાવી વ્યવહારની હકીકતો સ્પષ્ટ રીતે વર્ણવેલ છે. રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ તેમજ ફરિયાદીની સોગંદ ઉપરની જુબાની પરથી ફરિયાદી અને આરોપી વચ્ચે નાણાકીય વ્યવહાર થયેલ હોવાની તથા ચેક કાયદેસર વસૂલપાત્ર દેવાની ચુકવણી અર્થે આપવામાં આવેલ હોવાની હકીકત પુરવાર થાય છે. તેથી ફરિયાદી દ્વારા "લીગલી એન્ફોર્સેબલ ડેબ્ટ" અસ્તિત્વમાં હોવું વિશ્વસનીય રીતે સાબિત કરવામાં આવેલ છે, આમ આરોપીએ પોતાના જમીનના ધંધાના સોદા માટે ફરિયાદી પાસે આવીને ટૂંકી મુદત માટે રૂ. ૧૧,૦૦,૦૦૦/- (અગિયાર લાખ પૂરા) હાથઉછીના લીધા હતા. સદર રકમ પૈકી ફરિયાદીએ રૂ. ૧૦,૦૦,૦૦૦/- રોકડા આપ્યા હતા. બાકીના રૂ.૧,૦૦,૦૦૦/- માંથી પોતાની HDFC બેંકમાંથી રૂ. ૫૦,૦૦૦/- અને ઓફિસ સ્ટાફના ખાતા મારફતે આરોપીની પત્ની ભાવનાબેનના ખાતામાં રૂ. ૫૦,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. લેણી રકમ પરત કરવા માટે આરોપીએ પોતાની કેનેરા બેંકનો ચેક નં. ૦૯૯૦૯૫ (તારીખ: ૨૬/૦૬/૨૦૨૩) લખી આપ્યો હતો. આ ચેક ફરિયાદીએ બેંકમાં જમા કરાવતા તે "FUNDS INSUFFICIENT" (ખાતામાં અપૂરતું ભંડોળ) ના શેરા સાથે બે વખત બાઉન્સ થયો હતો. ચેક રીટર્ન થતાં ફરિયાદીએ પોતાના એડવોકેટ મારફતે તારીખ ૧૩/૦૭/૨૦૨૩ ના રોજ રજિસ્ટર્ડ સ્પીડ પોસ્ટથી કાનૂની નોટિસ મોકલી હતી. સદર નોટિસ આરોપીને બજી ગઈ હોવા છતાં તેમણે આજદિન સુધી નાણાં ચૂકવ્યા નથી કે કોઈ જવાબ આપ્યો નથી. તે રીતે આરોપીએ ફરીયાદી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબનો સજા પાત્ર ગુનો કરેલ હોવાથી હાલની આ ફરીયાદ આરોપી વિરૂધ્ધ ફરીયાદીએ દાખલ કરવી

પડેલ છે. તેમજ ફરીયાદીએ સોગંદનામુ દાખલ કરી વ્યવહારની તમામ હકીકતો સાબિત કરેલ છે, તેવું જણાવેલ છે. આમ, ઉપરોકત તમામ કાર્યવાહી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ માં જણાવેલ સમય મર્યાદામાં થયેલી હોય આરોપી ઉપર પ્રોસેસ ઇસ્યુ કરવામાં આવેલા હોય તેમજ આંક–૨૫ વાળા ચેક ઉપર જયારે આરોપી પોતાની સહી કબુલ રાખતા હોય ત્યારે કાયદાકીય રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની તેમજ કલમ–૧૩૯ ની તમામ ધારણાઓ ફરિયાદીની તરફેણમાં જયા સુધી તે હકીકતો વિરુધ્ધનું રેકર્ડ ઉપર ન આવે ત્યા સુધી જોવાની રહે છે.

(૧૬) વધુમાં નામદાર જુદી જુદી હાઈકોર્ટે તથા નામદાર સર્વોચ્ચ અદાલતે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના કસુર બદલ વિવિધ ઓથોરીટીઓ આપેલી છે અને તેમાં પ્રસ્થાપિ કરેલા સિધ્ધાંતો જોતા..

૧. હીતેન પી. દલાલ વિ. બ્રાન્ટીન્દ્રનાગ બેનરજ.૨૦૦૧ STPL (DC) 20 S.C માંનામદાર સુપ્રિમ કોર્ટે એવુ અવલોકન કરેલ છે કે ચેક કોઈ દેવા અને જવાબદારી પેટે આપેલ ન હતો તે પુરવાર કરવાની જવાબદારી આરોપીની છે. આરોપીએ આ અનુમાનનો ખંડન કરતો અને તે હકીકતોનો યોગ્ય પુરાવો રજૂ કરી પુરવાર કરવી પડે છે.

BURDON OF PROVING THAT THERE WAS NO DEBT OR LIABILITY WAS ON ACCUSED BY PROOF AND NOT BY A BARE EXPLANATION WHICH IS MERELY PLAUSIBLE

૨. કે.એન. બીના વિ. મુન્નીઅપ્પા અને અન્ય.૨૦૦૧ કિ.લો. જ. પાન નં.૪૭૪૫ આ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કરાવવામાં આવેલ છે કે નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ:૧૩૮,૧૩૯ અને ૧૧૮ અન્વયે ચેક પરત ફરવા સંબંધે ફરિયાદ કરવામાં આવેલ હોય ત્યારે આપવામા આવેલ ચેક દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ ન હતો, તે બાબત પુરવાર કરવાની જવાબદારી આરોપીની છે.

૩. સતીષ જયંતિલાલ શાહ વિ. પંકજ મશરૂવાલા અને અન્ય. ૧૯૯૬ ક્રિ. લો. જ. પાન નં. ૩૦૯૯ આ ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઠરાવવામાં આવેલ છે કે, ચેકનું સમગ્ર લખાણ ચેક લખી આપનાર ધ્વારા કરવામાં આવેલ હોય તેવુ જરૂરી નથી, ફકત ચેકમા લખી આપનારની સહી અગત્યની છે.

૪. ભાસ્કરન વિ. શંકરન બાલન.એ.આઈ..આર ૧૯૯૯ સુ.કો. પાન નં. ૩૭૬૨ આ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ઠરાવવામાં આવેલ છે કે, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ:૧૩૮,૧૩૯ અને ૧૧૮ અન્વયે ચેક પરત ફરવા સંબંધે ફરિયાદ કરવામાં આવેલ હોય ત્યારે આપવામાં આવેલ ચેક દેવા કે જવાબદારી પેટે આપવામા આવેલ ન હતો, તે બાબત પુરવાર કરવાની જવાબદારી આરોપીની છે.

૫. હીતેન બી, દલાલ વિ. બાન્ટીન્દ્રનાથ બેનર્જી ૨૦૦૧ કિ.લો. જ. પાન નં. ૪૬૪૭.આ ચુકાદામા નામદાર સુપિમ કોર્ટ ધ્વારા ઠરાવવામાં આવેલ છે કે, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટની એકટની કલમ:૧૩૮ અને ૧૩૯ અન્વવે અદાલત ધ્વારા આવો લખી આપવામાં આવેલ ચેક લખી આપનારની જવાબદારી પુરી કરવા માટે આપવામાં આવેલ છે તેવું અદાલતે અનુમાન કરવાનું છે આવુ અનુમાનનું ખંડન કરવાની અને વિરૂધ્ધનો પુરાવો આપવાની આરોપીની જવાબદારી છે. માત્ર ઉપર છલ્લો બચાવ આ માટે પુરતો નથી પરન્તુ આવા બચાવના સમર્થનમા જરૂરી પુરાવો કોર્ટમાં રજૂ કરવો જોઈએ.

૬. ગીરીશભાઈ નટવરભાઈ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત અને બીજા ૨૦૦૬ (૧) જી.એલ.આર પાન નં. ૭૮૬ નામદાર ગુજરાત હાઈકોર્ટ, આ કેસમા નામદાર હાઈકોર્ટે એવું અવલોકન કરેલ છે કે ધી નેગોશીએબદલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૯૮૧ કલમ–૧૩૮ અને ૧૩૯ મા કરવામા આવેલ જોગવાઈ અનુસાર ચેક રીર્ટનના ગુનામા પરત ફરેલ ચેક એ વર્તમાન દેવુ કે જવાબદારી પ્રત્યે હતો એવું અનુમાન કરવામાં આવશે, એથી વિરુધ્ધ પુરવાર કરવાનો બોજો ચેક આપનાર ઉપર છે અને તે હકીકત આરોપીએ COGENT EVIDENCE થી

પુરવાર કરવી પડે અને સદર ચુકાદામાં આરોપીએ અનુમાનનું ખંડન થઈ શકે એવા કોઈ પુરાવા રજૂ કરેલા ન હતા.

૭. નામદાર સુપ્રિમ કોર્ટ મેમર્સ સારવ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાયનાનશીયલ કન્સલ્ટન્ટ પ્રા.લી. વિ. લોઈડસ રજીસ્ટ્રાર ઓફ શીપીંગ ઈન્ડીયન ઓફિસ સ્ટાફ પ્રોવિડન્ડ ફંડના કેસમાં આપેલ ચુકાદો કે જે ૨૦૦૮(૧) ડી.સી.આર પેજ–૫ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં નામદાર સુપ્રિમકોર્ટ એવું અવલોકન કરેલ છે કે, "The notice was only required to be dispatched. Its contents were required to be communicated Communicarion to accused about the fact of dishonouring of cheques and calling upon him to pay the amount within 15 days is imperative in character Service of notice is a part of cause of action for lodging the complaint."

૮. નામદાર ઝારખંડ હાઈકોર્ટે સંજયકુમાર અગ્રવાલ વિ. સ્ટેટ ઓફ ઝારખંડના કેસમાં આપેલ ચુકાદો કે જે ૨૦૦૯(૨) ડી.સી.આર પેજ નં.૬૪૯ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તે રજૂ કરેલ છે જેમાં નામદાર હાઈકોર્ટ એવું અવલોકન કરેલ છે કે, "Negotiable Instrument Act, 1881 Section 138. General Clause Act, 1897. Section 27. Service of notice. Determination held if it is Proved that letter was properly addressed and posted by registered post in that situation service shall be deemed to be duly affected."

૯. In Sampelly Satyanarayana Rao v Indian Renewable Energy Development Agency Limited(1) the Supreme Court held that a dishonoured post-dated cheque for repayment of a loan instalment that was described as 'security' in the loan agreement was covered by the

criminal liability set out in Section138 of thNegotiable Instruments Act 1881. In accordance with Section 138, it is a criminal offence for a person to issue a cheque which is subsequently dishonoured from an account maintained by him or her in order to pay any amount of money to another person from that account for the discharge, in whole or in part, of any debt or other liability.

While deciding whether dishonoured cheques issued to discharge existing liability fall under Section 138 of the act, the Supreme Court further explained that the question of whether a post-dated cheque is for "discharge of debt or liability" depends on the nature of the transaction Section 138 is attracted only if, on the date on which the cheque was issued, liability or debt existed or the amount had become legally recoverable.

Interpreting the word 'security' as used in the underlying agreement between the parties, the Supreme Court held that it referred to the cheques issued to repay instalments of the loan the moment that the loan was due. Once the loan was disbursed and the instalments fell due as per the agreement, the dishonoured cheques gave rise to criminal liability under Section 138 of the act

The Cheque given as a security considered under the definition of Negotiable Instruments Act?

I answer it as Yes, but it depend upon evidence produce by complainant at time of trial. Assoo Hajee vs. K.1. Abdul Latheef 2005 Cr. L. J. 640 (Ker)

On the issue that the cheque has been issued by the guarantor also, the Supreme Court rejected as the issue of having any relevance for section 138. In fact, it laid down simply the rule that when a cheque has been issued by whomsoever for discharge of whatsoever liability, and such a cheque is dishonoured for prescribed reasons, section 138 is attracted.

The sum of this provisions can thus be observed in the words of the Supreme Court as follows: The language of the statute depicts the intent of the law-makers to the effect that wherever there is a default on the part of one in favour of another and in the event a cheque is issued in discharge of any debt or other lability there cannot be any restriction or embargo in the matter of application of the provisions of section 138 of the Act.

The Magistrate or judge has to bifurcate and decide the offence with the facts as per Indian Evidence Act 1872, in terms and accordance of facts “PROVED”, “DISPROVED” or “NOT PROVED, As my Predecessor Presiding Officer has taken all the evidence, and Further Statement of Accused with written arguments of Both parties Advocates who have requested for decision, hence, I have to weigh the Evidence in accordance with Evidence Act pertaining to admissibility and relevancy

Perusing Evidence Act Sections:

15. facts bearing on question whether act was accidental or intentional:- When there is a question whether an act was accidental or intentional, [1][for done with a particular knowledge or intention,] the fact that such act formed part of a series of similar occurrences, in each of which the person doing the act was concerned, is relevant.

16. Existence of course of business when relevant. When there is a question whether a particular act was done, the existence of any course of business, according to which it naturally would have been done, is a relevant fact.

18. Admission by party to proceeding or his agent:- Statements made by a party to the proceeding, or by an agent to any such party, whom the court regards, under the circumstances of the case,as expressly or impliedly authorized by him to make them, are admissions.

By suitor in representative character: Statements made by parties to suits suing or sued in a representative character, are not admissions, unless they were made while the party making them held that character

Statements made by: -

(1) By party interested in subject-matter. Persons who have any proprietary or pecuniary interest in the subject-

matter of the proceeding, and who make the statement in their character of persons so interested, or

(2) By person from whom interest derived persons from whom the parties to the suit have derived their interest in the subject matter of the suit, are admissions, if thay are made during the continuance of the interest of the persons making the statements.

21. Proof of admissions against persons making them, and by or on their behalf: Admission are relevant and may be proved as against the person who makes them or his representative in interest; but they can not be proved by or on behalf of the person who makes them or by his representative in interest, except in the following cases:

(1) An admission may be proved by or on behalf of the person making it, when it is of such a nature that, if the person making it were dead, it would be relevant as between third person under section 32.

(2) An admission may be proved by or on behalf of the person making it, when it consists of a statement of the existence of any state of mind or body, relevant or in issue, made at our about the time when such state of mind or body existed, and is accompanied by conduct rendering its falsehood improbable.

(3) An admission may be proved by or on behalf of the person making it, if it is relevant otherwise than as an admission.

(૧૭) વધુમાં, **૨૦૧૦ (૩) સ્કાઈમ્સ (એસ.સી.) ૪૦, રંગપ્પા વિરુધ્ધ શ્રી મોહન** ના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા ઠરાવેલ છે કે, ધી નેગોશીલેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ની કલમ – ૧૩૮ હેઠળ ઈસ્યુ થયેલ ચેક કાયદેસરના દેવા કે જવાબદારી કે તેના ભાગ પેટે ઈસ્યુ કરેલાનું અનુમાન કરવાનું રહે છે અને તે અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે. જે સમગ્ર પુરાવો જોવામાં આવે તો આરોપી તેમની સામે રજૂ થયેલ પુરાવાનું ખંડન કરી શકેલા નથી. એકવાર જયારે ચેક આરોપીના ખાતાનો હોવાનું અને તેમા તેમની સહી હોવાનું આરોપી કબુલ રાખે ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:–૧૩૯ હેઠળનું અનુમાન ફરિયાદી તરફેણમાં કરવાનું રહે છે. હાલના કેસમાં ફરિયાદીએ ચેક, બેંક રીટર્ન મેમો, કાયદેસરની નોટિસ, પોસ્ટલ રસીદો તથા અન્ય જરૂરી દસ્તાવેજો રેકર્ડ ઉપર રજૂ કરેલ છે. આ દસ્તાવેજોથી સાબિત થાય છે કે આરોપીએ આપેલ ચેક ફરિયાદીએ સમયસર બેંકમાં જમા કરાવેલ હતો. સદર ચેક “Funds Insufficient” ના કારણસર પરત ફરેલ હતો. ચેક પરત ફર્યા બાદ ફરીયાદીએ કાયદામાં નક્કી કરેલ સમયમર્યાદામાં આરોપીને કાયદેસરની નોટિસ મોકલેલ હતી. તેમ છતાં આરોપીએ નોટિસ મળ્યા બાદ કાયદામાં નક્કી કરેલ સમયગાળા દરમિયાન ચેકની રકમ ચૂકવેલ નથી. રેકર્ડ પરથી એવું પણ જણાય છે કે આરોપીને ફરીયાદીની ઉલટતપાસ કરવાની પૂરતી તક આપવામાં આવેલ હતી તેમ છતાં આરોપી કે તેઓના વકીલશ્રી ઉલટતપાસ માટે હાજર રહેલ ન હતા. તેથી આરોપી તરફથી ફરિયાદીની ઉલટતપાસનો હકક બંધ કરવાનો હુકમ થયેલ. આથી ફરીયાદીની જુબાની તથા તેના દ્વારા રજૂ કરાયેલ દસ્તાવેજોનો આરોપી તરફથી કોઈ વિરોધ કરવામાં આવેલ નથી. ફરીયાદીની જુબાની ખોટી કે અવિશ્વસનીય છે તેવું દર્શાવતો કોઈ પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી. આરોપી દ્વારા પોતાના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો પણ રજૂ કરવામાં આવેલ નથી. ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ–૧૧૮ તથા ૧૩૯

મુજબ, ચેક ઉપરની સહી અને ચેક આપ્યાની હકીકત સ્વીકારવામાં આવે અથવા તેનો ઈનકાર કરવામાં ન આવે, ત્યારે કાયદો એવું માને છે કે ચેક કોઈ કાયદેસર દેવું અથવા જવાબદારી ચૂકવવા માટે આપવામાં આવેલ હતો. હાલના કેસમાં આરોપીએ એવું સાબિત કરવા માટે કોઈ પુરાવો રજૂ કરેલ નથી કે ફરીયાદી પાસે કોઈ લેણી રકમ બાકી નહોતી, ચેક માત્ર સિક્યુરિટી માટે આપવામાં આવેલ હતો, ચેક ગુમ થયેલ હતો અથવા ફરીયાદીએ ચેકનો દુરુપયોગ કરેલ હતો. તેથી ફરિયાદીના પક્ષે કાયદેસર અનુમાન યથાવત રહે છે. ફરિયાદીએ ચેક, બેંક રીટર્ન મેમો, કાયદેસરની નોટિસ તથા પોસ્ટલ દસ્તાવેજો રજૂ કરીને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ–૧૩૮ હેઠળના ગુનાની જરૂરી તમામ શરતો સાબિત કરેલ છે. તેથી ફરિયાદી ચેકની રકમ મેળવવા કાયદેસર રીતે હક્કદાર છે અને આરોપીએ કલમ–138 મુજબનો ગુનો કરેલ હોવાનું સાબિત થાય છે. આથી ફરીયાદી આરોપી પાસેથી ચેકની રકમ વસુલવા કાયદેસર હક્કદાર હોવાનું તથા આરોપી દ્વારા નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, કલમ–૧૩૮ હેઠળનો ગુનો આચરાયેલ હોવાનું નિર્વિવાદ રીતે સાબિત થાય છે. તેથી **મુદ્દા નંબર–૧ નો નિર્ણય "હકારમાં"** જાય છે અને આરોપીને "ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ"ની કલમ–૧૩૮ મુજબના ગુના અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આ કેસમાં કાનુની તથા હકીકતના ગુંચવણભર્યા પ્રશ્નોના કારણે તેમજ ચીફ કોર્ટના હુકમથી હાથ પરના કેસને સમરી ટ્રાયલ તરીકે ન ચલાવતા એક સમન્સ ટ્રાયેબલ કેસ તરીકે જ ચલાવેલ છે અને સમન્સ ટ્રાયેબલ કેસોમાં કાયદાની જોગવાઈ મુજબ આરોપીને સજા અંગે સાંભાળવા જરૂરી ન હોવાથી, આ કેસ અંગે આરોપી વિરૂધ્ધ મુદ્દા નંબર ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:<u>આ ખ રી હુ ક મ</u> :-

(૧) આ કામના આરોપી **પ્રજાપતિ મહેશભાઈ મંગળદાસ,** રહે. ડી-૬૦૧ સાયોના શીખર, વંદેમાતરમ ચાર રસ્તા, ન્યુ એસ.જી. રોડ, ગોતા, અમદાવાદ. મૂળ રહે. પ્રજાપતિવાસ(બગીચાવાળો વાસ) મુ. કટોસણ(ધનપુરા) તા.જી. મહેસાણાનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૨ મુજબ "ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ"ની કલમ-૧૩૮ અન્વયેના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને ૧(એક) વર્ષ પુરાની સાદી કેદની સજાનો અને આરોપીને ચેકની કુલ રકમ રૂા. ૧૧,૦૦,૦૦૦/- ની બમણી રકમ રૂ. ૨૨,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બાવીસ લાખ પુરા) ની રકમનો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી ધ્વારા દંડની રકમ ભરવામાં કસુર કરવામાં આવે તો વધુ ૬૦ (સાઈઠ) દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૩૯૫ ની વળતરની માટેની જોગવાઈ મુજબ, આરોપીને કરેલી દંડની કુલ રકમમાંથી ૭૫% રકમ એટલે કે રૂા. ૧૬,૫૦,૦૦૦/-(અંકે રૂપિયા સોળ લાખ પચાસ હજાર પુરા) આ કામના ફરિયાદીને વળતર તરીકે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૪૦૪ મુજબ, આ હુકમની એક સર્ટીફાઈડ નકલ વિના મુલ્યે આરોપીને પુરી પાડવી અને જો આરોપી અપીલ કરવા અપીલ સમય સુધીના જામીન ન મેળવે તો, તેઓના નામનું ધરપકડ/સજા વોરંટ કન્સર્ન પોલીસ સ્ટેશને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૧૩ મી, માહે-જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ: ૧૩.૦૭.૨૦૨
મુકામ: ગાંધીનગર.

(પરેશકુમાર જયંતિલાલ રાયચુરા)
એડી.સીવીલ જજ તથા જ્યુડી.મેજી.ફ.ક.,
ગાંધીનગર
જીજે-૦૧૦૮૩